| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | | | |
| નોંધ્યા તારીખ | | | |
| ફેંસલ તારીખ | | | |
| **અવધિ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | | |

सत्यमेव जयते

# અમદાવાદના મ્હે. એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટ નં.૩૧ સમક્ષ.

**ફો.કે.નં. : ૧૪૦૯૪૫/૨૦૨૧**
**આંક :**

| | |
|---|---|
| **ફરીયાદી** | ગોવિંદરામ ગીન્નીરામ અગ્રવાલ<br>ઉ.વ. : પુખ્ત, ધંધો : વેપાર<br>રહે. : બાપુનગર,અમદાવાદ. |
| **આરોપી** | પંજવાણી રહીમ હસનઅલી<br>ઉ.વ.આ. : પુખ્ત, ધંધો : વેપાર<br>રહે. :શાહઆલમ, અમદાવાદ. |
| **ફરીયાદ પક્ષે** | વિધ્વાન વકીલ શ્રી |
| **બચાવ પક્ષે** | વિધ્વાન વકીલ શ્રી |
| **ગુન્હો :– વટાઉખત અધિનીયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબ** | |

## –:: હુકમ ::–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, ફરિયાદી ઉપરોકત સરનામે રહેતા આવેલ છે અને ફરીયાદી આલોક ટ્રેડીંગના નામે હોલસેલ ફટાકડાનો ધંધો કરતા હોય આરોપીએ તા. ૧૫–૦૯–૨૦ના અરસામા ઉધારથી માલ ખરીદ કરેલો અને તે પેટે તેના ખાતામા બાકી રકમ

પડતી હોય તેની લેણી પેટે આ કામના આરોપીએ બાકી રકમ પેટે ચેક રૂપીયા ૧૧,૬૪,૫૦૮/–ચેક નં. ૦૦૦૦૦૯, તા. ૦૪/૦૯/૨૧ના ફરીયાદીની બેન્ક સૌરાષ્ટ્ર કો. ઓપ. બાપુનગરના ખાતામાં ભરતા તા. ૦૫/૧૦/૨૧ ના રોજ રીટર્ન મેમો મળતા આરોપીએ રકમના ભરતા ફંડ ઈન સફીસીફન્સના શેરા સાથે પરત આવતા નીયત સમય મર્યાદામાં આથી ફરિયાદીએ પોતાના વકીલશ્રી મારફતે આરોપીને તા. ૦૮–૧૦–૨૧ ના રોજ નોટિસ મોકલેલ હતી જે આરોપીને તા. ૧૨–૧૦–૨૧ના રોજ બજી ગયેલ હોય, તેમ છતાં આરોપીએ ફરીયાદીની લેણી રકમ ચુકવેલ નથી. આથી, ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ વટાઉખત અધિનીયમ,૧૮૮૧ ની કલમ– ૧૩૮ હેઠળ હાલની ફરીયાદ કરેલ છે.

(૨) હાલની ફરીયાદ દાખલ થતા ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૨૦૦ મુજબ ફરીયાદીનું વેરિફીકેશન નોંધી, આરોપી સામેના ગુન્હાનું સંજ્ઞાન લઈ, ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોં ધી, આરોપી સામે ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૨૦૪ મુજબ વટાઉખત અધિનીયમ,૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુન્હાનો સમન્સ કરવામાં આવેલ હતો. ત્યારબાદ આરોપી અદાલત સમક્ષ હાજર થતા, તેઓને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદ અને તેના સાધનિક કાગળોની નકલો વિના મૂલ્યે મળી ગયેલ છે તેની ખાત્રી કર્યા બાદ તેઓની આંક–૦૬ થી પ્લી નોંધતા, તેઓએ તેમની સામેના આક્ષેપીત ગુન્હાનો ઈન્કાર કરેલ હતો.

(૩)	ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી ગોવિંદરામ ગીન્નીરામ અગ્રવાલની જુબાની | **૦૩** |
| ૨ | અસલ ચેક | **૧૨** |
| ૩ | રિટર્ન મેમો | **૧૩** |
| ૪ | ડિમાન્ડ નોટિસની સ્થળપ્રત | **૧૪** |
| ૫ | રજી. એડી.ની પહોંચ | **૧૫** |
| ૭ | બજવણીનો ટ્રેક રીપોર્ટ | **૧૬** |
| ૮ | ફરીયાદીના આઈડી પ્રફ તથા ગુમાસતા ધારાની નકલ | **૧૦** |
| ૯ | એકાઉન્ટ સ્ટેટમેન્ટ | **૧૧** |

(૪)	આરોપીની આંક–૦૬ થી પ્લી નોંધાયા બાદ ફરીયાદીની ઉલટતપાસ આરોપી તરફે નોંધવા માટે કામ મુલત્વી રાખવામાં આવેલ હતું પરંતુ, ત્યારબાદ પુરતી અને વ્યાજબી તક આપવા છતાં ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે આરોપી કે તેના તરફે કોઈ હાજર રહેલ ન હતા અને ઉલટતપાસનો તથા કલમ–૩૧૩ અન્વયે નિવેદનનો તથા ડીફેન્સ એવીડેન્સનો તથા દલીલનો આરોપીનો હકક બંધ કરવામાં આવેલ હતો. ત્યારબાદ ફરીયાદી વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તેથી કામ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા માટે મુલત્વી રાખવામાં આવેલ હતું. આમ છતાં આરોપી વિશેષ નિવેદન આપવા માટે હાજર રહેલ ન હતા, તેથી **<u>નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના મનોજ વાસુદેવ સોમપુરા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત(સ્પે.ક્રિ.એ.૬૭૨૧/૨૦૨૩, તા.૧૫–૦૯–૨૦૨૩)ના</u>** ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ આરોપીનો વિશેષ નિવેદન આપવાનો હકક પણ બંધ કરવામાં આવેલ હતો.

(૫) ત્યારબાદ દલીલના તબકકે ફરીયાદી તરફે વિદ્વાન વકીલની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે આરોપી તરફે આરોપી જાતે કે તેના તરફે કોઈ વકીલશ્રી દલીલ કરવા માટે હાજર રહેલ ન હતા, તેથી આરોપી તરફે દલીલ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ હતો.

(૬) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:

| **ક્રમ** | **મુદ્દા** | **નિર્ણય** |
|---|---|---|
| ૧ | શું ફરીયાદ પક્ષ શંકાથી પર એ હકીકત પુરવાર કરે છે કે, આરોપીએ કાયદેસરની લેણી રકમ ચુકવવા સારૂ ફરીયાદીને ફરીયાદવાળો ચેક આપેલ હતોજે ફરીયાદીએ નિયત સમય મર્યાદામાં પોતાની બેં કમાં રજુ કરતા તે એકાઉન્ટ ઈન સફીસીફન્ટ ફંડના શેરા સાથે રીર્ટન મેમાથી પરત ફરેલ હતો અને તેથી ફરીયાદીએ આરોપીને કાયદેસરની ડીમાન્ડ નોટીસ મોકલેલ હતી તેમ છતાં આરોપીએ ફરીયાદીને ચેક મુજબની રકમ સમય મર્યાદામાં ન ચુકવી વટાઉખત અધિનીયમ,૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ છે? | હકારમાં |
| ૨ | શું હુકમ? | આખરી હુકમ મુજબ |

**–:: <u>મુદ્દા નં.૧ના નિર્ણય માટેના કારણો</u> ::–**

(૭) હવે, ફરીયાદ પક્ષે રજું કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી ગોવિંદરામ ગીન્નીરામ અગ્રવાલએ આંક–૦૩થી સોગંદ ઉપરની જુબાનીમાં

પોતાની ફરિયાદ હકીકતને જ દોહરાવતો પુરાવો રજુ કરેલ છે, તેથી પુનરાવર્તન ટાળવા ફરિયાદીના મૌખિક પુરાવાની હકીકત અત્રે પુર્ન: નોં ધેલ નથી. હવે, રેકર્ડ તપાસતા ફરીયાદીની સરતપાસ રજુ થયા બાદ ફરીયાદીની ઉલટ તપાસ માટે આરોપીને પુરતી અને વ્યાજબી તક આપેલ હોય તેમ છતાં ફરીયાદીના સોગંદ ઉપરના મૌખિક પુરાવાનું ખંડન કરવા સારૂ આરોપી કે તેના વકીલશ્રી હાજર રહેલા નથી. આરોપીની પ્લી નોં ધેલ તેમાં આરોપીએ પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરેલ હતો અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલ હતી. ફરીયાદીની ઉલટ તપાસના સ્ટેજે આરોપી કે તેના વકીલશ્રી ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે હાજર રહેલ ન હતા. તેથી ફરીયાદીની અરજી તળે કરેલ હુકમ મુજબ ફરીયાદીની ઉલટ તપાસનો આરોપીનો હકક બંધ કરવામાં આવેલ હતો. આમ, આરોપીએ ફરીયાદીના મૌખિક અને દસ્તાવેજી પુરાવાને પડકારેલ નથી. આ સંજોગોમાં હાલના સ્પેશ્યલ એકટ હેઠળના પ્રોસીડીંગમાં વટાઉ ખત અધિનીયમ,૧૮૮૧ની કલમ–૧૩૯ મુજબ જયાં સુધી વિરુધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી ફરીયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાન કરવાનું રહે છે. આ અનુમાન મુજબ ફરીયાદીએ રજુ કરેલ અસલ ચેક કાયદેસરનું લેણુ વસુલવા માટે જ આરોપી પાસેથી મેળવેલ હતો અને તે ચેક પરત ફરેલ હતો તેવું ફરીયાદી સાબિત કરી શકેલ છે. પરંતુ તેથી વિરુધ્ધનું આરોપી પુરવાર કરી શકેલ નથી કે તે પુરવાર કરવા માટે આરોપી અદાલતમાં હાજર રહેલ નથી. આથી, ફરીયાદીનો કેસ ન માનવા માટે કોઈ વિપરીત કારણ જણાઈ આવતા નથી.

(૮) આમ, ફરીયાદપક્ષના સમગ્ર પુરાવાનું એક સાથે મુલ્યાંકન કરવામાં આવે તો આરોપીને ફરીયાદીએ **માલ વેચાણના બાકી પેટે** આરોપીએ ફરીયાદીને રજુ થયેલ અસલ ચેક આપેલ હતો તે હકીકત ફરીયાદીની સોગંદ ઉપર મૌખિક પુરાવાથી સાબિત થાય છે. રજુ થયેલ અસલ ચેક તથા રજુ થયેલ પોસ્ટની પાવતી તથા રીટર્ન મેમો તથા રજુ થયેલ નોટીશ અને તેની બજવણીનો પુરાવો દસ્તાવેજી પુરાવા હોય, ન માનવાને કોઈ કારણ નથી અને તેવા સંજોગોમાં રેકર્ડ જોતા આંક–૧૭ થી પક્ષકારોની સહી થી સમાધાન પુરસીસ રજુ થયેલ છે તે જોતા રૂા. ૩,૫૦,૦૦૦/– મા સમાધાન થયેલ છે અને તે પૈક રૂા. ૧,૧૫,૦૦૦/– કોર્ટમા જમા આરોપીને ચુકવી આપવા અને બાકીના તા. ૨૦/૦૧ /૨૫ સુધી ચુકવી આપવાના હતા અને ત્યારબાદ ઉત્તરોત્તર સ્ટેજ બંધ થયેલ છે તે જોતા પક્ષકારો સંમંતીથી રૂા. ૨,૩૫,૦૦૦/–ની રકમ ફરીયાદીએ આરોપી પાસેથી લેવાની આંક–૧૭ થી ફલીત થાય છે અને તેટલી રકમનો સ્વીકાર બન્ને પક્ષે કરેલ છે તે જોતા બાકી લેણી પણ રેકર્ડ પર આવે છે. જેમા કાયદેસરના લેણાને લેણાં રજુ થયેલા માલ વેચાલના એકાઉન્ટ સ્ટેટમેન્ટથી અને ચેકથી તથા તેની બજવણી કરાવેલ નોટીસથી સમર્થન મળે છે. અને આરોપીએ તેવા દસ્તાવેજોને પડકારેલ નથી કે બચાવનો માનવાને કોઈ કારણ હોય તેવો કોઈ આધાર કે બચાવ લીધેલ ન હોય તેવા સંજોગોમા કાયદામા દર્શાવેલ પ્રથમ દશર્નીય પ્રિઝમ્શન ફરીયાદીની તરફેણમા જતુ હોય અને આરોપીએ બચાવ લીધેલ ન હોય જે આરોપી સામે ઈન્ફરન્સ ડ્રો કરવા માટે અને લીગલ ડેબ્ડ દર્શાવવા માટે પુરતુ રહે છે. આ ઉપરાંત ટ્રાયલ દરમ્યાન પુરતી તક આપવા

છતાં આરોપીએ હાજર રહી કોઈ બચાવ લીધેલ નથી કે ફરીયાદી તરફેણના કોઈ અનુમાનનું ખંડન કરી શકેલ નથી. આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે **Kusum Ingots & Alloys Ltd. v. Pennar Peterson Securities Ltd., (2000)2 SCC 745**ના ચુકાદામાં કલમ–૧૩૮નો ગુન્હો સાબિત થવા જે જે આવશ્યક તત્વો ઠરાવેલ હતા તે ફરીયાદપક્ષ શંકાથી પર સાબિત કરી શકેલ છે. **આથી, મુદ્દા નં.૧નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.**

**–:: મુદ્દા નં.૨ના નિર્ણય માટેના કારણો ::–**

(૯) હવે, જયારે મુદ્દા નં.૧ ના હકાર નિર્ણય અનુસાર આરોપી સામે કલમ–૧૩૮ના ગુન્હાના તમામ તત્વો સાબિત થતા હોય અને તેથી આરોપીને આ ગુન્હામાં દોષિત ઠરાવવામાં આવે છે. આ તબ્બકે એ નોંધ કરવી જરુરી છે કે, ફોજદારી કાર્યવાહી(ટ્રાયલ)માં આરોપીને પોતાનો બચાવ કરવા પુરતા હકક અધિકાર આપવામાં આવેલ છે અને તેથી આરોપીને તેવા હકક અધિકારથી વંચિત કરી શકાય નહી. પરંતુ આ હકક અધિકારમાં કોઈ પણ જગ્યાએ આરોપીને કાર્યવાહીમાં એક વખત હાજર થયા બાદ અને પ્લી નોંધાયા બાદ કાર્યવાહીથી દુર ભાગી જવાનો હકક અધિકાર પ્રાપ્ત થતો નથી. આ હકીકત ધ્યાને લેતા હાલના કેસમાં આરોપી ટ્રાયલ વખતે હાજર થયેલ હતા, ત્યારબાદ આરોપીની પ્લી નોંધવામાં આવેલ હતી. પરંતુ ત્યારબાદ ફરીયાદીની ઉલટ તપાસ કરવા માટે આરોપીને પુરતી અને વાજબી તક આપવામાં આવેલ હતી તેમ છતા આરોપી હાજર થયેલ ન હતા. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન આપવા

આરોપીને પુરતી અને વાજબી તક આપવામાં આવેલ હતી તેમ છતા આરોપી હાજર થયેલ ન હતા. ત્યારબાદ કાર્યવાહીના અંતે દલીલ રજું કરવા માટે આરોપીને પુરતી અને વાજબી તક આપવામાં આવેલ હતી તેમ છતા આરોપી હાજર થયેલ ન હતા. આમ, આરોપીને આ કેસનો સમન્સ બજયાની તારીખથી પોતાની વિરુધ્ધ ટ્રાયલ ચાલે છે તેની અંગત જાત માઢ હીતી છે. ત્યારબાદ આરોપી અદાલતમાં હાજર થયા બાદ તેઓનું પ્લી નોં ધવામાં આવેલ હતી તેમાં આરોપીએ જણાવેલ છે કે, તેઓને ગુન્હો કબુલ નથી અને કેસની કાર્યવાહી આગળ ચલાવવી છે તેથી આરોપીને આ કેસમાં બચાવ કરવાનો છે તેની પણ અંગત જાત માહીતી છે. આમ, આરોપીને પોતાના વિરુધ્ધ ફોજદારી કાર્યવાહી ચાલે છે તેની અંગત જાત માહીતી છે તેમ છતા અને ત્યારબાદ કાનુની જોગવાઈ મુજબ કાર્યવાહીના દરેક તબ્બકે આરોપીને તક આપવા છતા આરોપી પોતાના જ બચાવ માટે હાજર રહેલ નથી. આ તમામ હકીકત લક્ષમાં લેતા આરોપીએ જાતે જ પોતાના બચાવના હકક અધિકારને જતો કરેલ છે, તે રેકર્ડ ઉપરની હકીકતના આધારે સ્પષ્ટ થાય છે. આ સાથે સાથે વટાઉ ખત અઢિ ધનીયમ,૧૮૮૧ની કલમ–૧૪૩(૩) ધ્યાને લેવામાં આવે તો આ પ્રકારની કાર્યવાહી ફરીયાદ દાખલ થયાની તારીખથી છ માસમાં પુર્ણ કરવાની હોય છે. આ સંજોગોમાં ઉપર ચર્ચા કર્યા અનુસાર આરોપીને દરેક તબ્બકે પુરતી અને વાજબી તક આપવા છતા આરોપી અદાલતમાં હાજર રહેતા ન હોય અને પોતે જ પોતાના બચાવના અધિકારને જતા કરતા હોય, ત્યારે આરોપી વિરૂધ્ધ વારે વારે વોરંટ ઈશ્યુ કરી આરોપી પકડાઈને અદાલતમાં ન આવે ત્યાં સુધી રાહ જોવામાં આવે તો કલમ–૧૪૩(૩)ની ખાસ જોગવાઈ

મુજબ ફરીયાદીની ફરીયાદને તાત્કાલીક ચલાવી લેવાના ફરીયાદી જે હકક છે તેનું પણ હનન થાય તેમ છે.

(૧૦) હવે, જયારે આજ રોજ ચુકાદો જાહેર થવાના દિવસે પણ આરોપી સજાના પ્રમાણ અંગે કોઈ રજુઆત કરવા માટે અદાલતમાં હાજર રહેલ નથી. આ ઉપરાંત હાલનો કેસ વોરંટ ટ્રાયેબલ ન હોય, તેથી આરોપીની દોષિત ઠરાવ્યા બાદ સજાના પ્રમાણ અંગે સાંભળવા જરુરી પણ નથી. તેમ છતા આરોપીની ગેરહાજરીમાં આરોપીને દોષિત ઠરાવાનો અને તેને સજા કરતો હુકમ કરવો ન્યાયોચિત કહી શકાય કે કેમ? તે અં ગે ચર્ચા કરવામાં આવે તો સૌ પ્રથમ તો નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના **Sharad Jethalal Savla Versus State Of Gujarat (2017 (3) GLR 2353)**ના ચુકાદાના પેરા નં.૨૨ અને ૨૫ ઘ્યાને લેવા જરુરી છે.

> ***(22.)*** *So far as the first question is concerned as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial Court.*
> ***(25.)*** *However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Subsection (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.*

(૧૧ ) આમ, આ કેસની ઉપર ચર્ચા કર્યા મુજબની હકીકત અને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિઘ્ધાંતને ઘ્યાને લઈ આરોપીની ગેરહાજરીમાં આરોપીને દોષિત ઠરાવતો

ચુકાદો જાહેર કરવો અને આરોપીને સજા કરવી ન્યાયોચિત જણાઈ આવે છે.

(૧૨) હવે, સજા ઉપરાંત વળતર અંગે ચર્ચા કરવામાં આવે તો નામદાર સર્વોચ્ચ અદાલતના **K.Bhaskaran Vs Sankaran Vaidhyan Balan (1999 (7) SCC 510)**ના ચુકાદામાં અવલોકન કરવામાં આવેલ છે કે,

> *"Magistrate can alleviate the grievance of the complainant by making resort to Section 357(3) of the Code. It is well to remember that this Court has emphasized the need for making liberal use of that provision (relied Hari Singh Vs. Sukhbir Singh 1988 (4) SCC 551). No limit is mentioned in the sub section and therefore a Magistrate can award any sum as compensation. Of course, while fixing the quantum of such compensation the Magistrate has to consider what would be the reasonable amount of compensation payable to the complainant."*

(૧૩) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે **Damodar S. Prabhu Vs Sayed Babalal (2010 (5) SCC 663)**ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે,

> *"It is quite obvious that with respect to the offence of dishonour of cheque, it is the compensatory aspect of the remedy which should be given priority over the punitive aspect."*

(૧૪) આમ, નામદાર સર્વોચ્ચ અદાલતના સજા અને વળતર અંગેના ઉપરોકત ચુકાદાને ઘ્યાને લઈ જો આરોપી અદાલતના હુકમ અનુસાર ફરીયાદીને વળતર ન ચુકવે તો તેના ડીફોલ્ટમાં કેદની સજા થઈ શકે કે કેમ? તે અંગે ચર્ચા કરવામાં આવે તો નામદાર સર્વોચ્ચ અદાલતે **R. Mohan Vs A.K. Vijay Kumar (Criminal Appeal 883/2012, Date of**

**<u>Decision 03/07/2012)</u>**ના ચુકાદામાં ઠરાવેલ છે કે, વળતરના હુકમની અમલવારી ડીફોલ્ટમાં કેદની સજા કરી કરાવી શકાય.

(૧૫) આમ, નામદાર સર્વોચ્ચ અદાલતના સજા અને વળતર અંગેના ઉપરોકત ચુકાદાઓ ધ્યાને લેતા આ કામે આરોપીએ ફરીયાદીના પૈસા ફરીયાદીને લાંબા સમયથી ચુકવેલ નથી. પરીણામે ફરીયાદીએ અદાલતમાં કેસ કરવો પડેલ હોય, કેસનો ખર્ચ ઉઠાવવો પડેલ હોય અને ફરીયાદીના નાણા તેમજ સમયની બરબાદી થયેલ હોય તેથી તે ધ્યાન લઈ આરોપીને કેદની સજા અને આરોપી પાસેથી ફરીયાદીને વળતર બન્ને ચુકવવાનો હુકમ કરવામાં આવશે તો તે પુર્ણ ન્યાય થયેલ ગણાશે. પરંતુ હવે, પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે, આરોપીની ગેરહાજરીમાં આરોપીને કેદની સજા અને આરોપી પાસેથી ફરીયાદીને વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવશે તો તેનું પાલન કરાવવા શું કાર્યવાહી થઈ શકે? આ તબ્બકે નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષના **<u>Kumaran Vs. State of Kerala (AIR 2017 SC 2433)</u>**ના ચુકાદાના પેરા નં.૨૭ ધ્યાને લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે,

> ***(27.)*** *These two judgments make it clear that the deeming fiction of Section 431 Cr.P.C. extends not only to Section 421, but also to Section 64 of the Indian Penal Code. This being the case, Section 70 IPC, which is the last in the group of Sections dealing with sentence of imprisonment for non- payment of fine must also be included as applying directly to compensation under Section 357(3) as well. The position in law now becomes clear. The deeming provision in Section 431 will apply to Section 421(1) as well, despite the fact that the last part of the proviso to Section 421(1) makes a reference only to an order for payment of expenses or compensation out of a fine, which would necessarily refer*

> *only to Section 357(1) and not 357(3). Despite this being so, so long as compensation has been directed to be paid, albeit under Section 357(3), Section 431, Section 70 IPC and Section 421(1) proviso would make it clear that by a legal fiction, even though a default sentence has been suffered, yet, compensation would be recoverable in the manner provided under Section 421(1). This would, however, be without the necessity for recording any special reasons. This is because Section 421(1) proviso contains the disjunctive "or" following the recommendation of the Law Commission, that the proviso to old Section 386(1) should not be a bar to the issue of a warrant for levy of fine, even when a sentence of imprisonment for default has been fully undergone. The last part inserted into the proviso to Section 421(1) as a result of this recommendation of the Law Commission is a category by itself which applies to compensation payable out of a fine under Section 357(1) and, by applying the fiction contained in Section 431, to compensation payable under Section 357(3).*

(૧૬) આમ, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદાને ધ્યાને લઈ વટાઉ ખત અધિનીયમ,૧૮૮૧ની કલમ–૧ ૩૮ મુજબના કેસમાં આરોપી વળતરની રકમ ન ચુકવે અને તે બદલ આરોપીને સજા કરવામાં આવેલ હોય તો પણ ફોજદારી કાર્યરીતી સં હિતા,૧૯૭૩ની કલમ–૪૨૧(૧) મુજબની કાર્યવાહી કરી શકાય છે અને તે માટે કોઈ વિશીષ્ટ કારણો નોંધવાની પણ જરુરીયાત રહેતી નથી. આથી, કલમ–૪૨૧ની જોગવાઈ ધ્યાને લેતા જયારે વળતરનો હુકમ કરવામાં આવેલ હોય તો અદાલત જાતે પણ જપ્તી વોરંટ મોકલી શકે છે અથવા વળતરની રકમ વસુલ અપાવવા સારું કલેકટરશ્રીને પણ કલમ–૪૨૧(૧)(બી) મુજબ બાકી રહેલ જમીન મહેસુલની રકમની જેમ વસુલાત કરાવવા અધિકૃત કરી શકે છે.

(૧૭)　　હવે, આરોપીની ગેરહાજરીમાં સજાનો હુકમ ફરમાવ્યા બાદ આરોપી વિરુધ્ધ તેવા સજાના હુકમની અમલદારી કઈ રીતે કરી શકાય તે અં ગે પણ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના **<u>Sharad Jethalal Savla Versus State Of Gujarat (2017 (3) GLR 2353)</u>**ના ચુકાદાના પેરા નં.૨૭ ધ્યાને લ ેવા જરુરી છે.

> ***(27.)*** *So far as the second question is concerned, I am of the view that the trial Court committed no error in issuing a non-bailable warrant of arrest having noticed that the the accused was not present at the time of pronouncement of the judgment and order of conviction and sentence in view of the provisions of Section 418 (2) of the Cr.P.C. Under Subsection (2) of Section 418 of the Cr.P.C., when the accused sentenced to imprisonment is not present in the Court, the Court has to issue a warrant of his arrest and the sentence shall commence on the date of his arrest. I am of the view that the Magistrate had two options. He could have, before pronouncement of the judgment and order of conviction and sentence, enforced the attendance of the applicant accused in the Court or pronounce the judgment in the absence of the accused and issue warrant of arrest. The learned Magistrate thought fit to adopt the latter part of the procedure i.e. pronounced the judgment, and thereafter, proceeded to issue a warrant under Section 418(2) of the Cr.P.C.*

(૧૮)　　આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા અનુસાર આરોપીને તેની ગેરહાજરીમાં સજા કરી આરોપી વિરુધ્ધ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૪૧૮(૨) મુજબ તેઓને જેલમાં મોકલવા માટે કલમ–૭૦ મુજબનું ધરપકડ વોરંટ ઈશ્યુ કરવું ન્યાયોચિત જણાઈ આવે છે. આ ઉપરાંત, આરોપીને સજા કર્યા બાદ ધરપકડ વોરંટની

બજવણી અંગે નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષના **<u>Lallan Singh Vs. State Of Uttar Pradesh (2014 (0) AIJEL-SC 57591)</u>**ના ચુકાદાને ધ્યાને લેવામાં આવે તો તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે અવલોકન કરેલ છે કે,

> *The difficulty, in our opinion, arises when the warrants so issued by the Court concerned remain unexecuted. This happens not only in cases where the accused has been convicted and sentenced by the trial court but also where an appeal or revision preferred against the conviction is eventually dismissed by the High Court. There is no manner of doubt that even in such cases the court is under an obligation after receipt of an intimation about the dismissal of the appeal or revision preferred by the convicts, to follow the procedure under Section 418 for apprehension of the accused, in case he has not surrendered voluntarily, and to commit him to jail to undergo the sentence awarded to him. Experience, however, shows that when warrants are forwarded to the police for execution the same remain unexecuted for years as noticed by us in the case at hand where despite the dismissal of the appeal filed by two of the life convicts, held guilty of a double murder, had remained at large for considerably long period*

(૧૯) ઉપરોકત ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે સજાનો હુકમ થયા બાદ જારી કરવામાં આવેલ ધરપકડ વોરંટની બજવણી અસંતોષકારક રીતે થવાનું અવલોકન કરેલ છે, ત્યારે હાથ પરના કેસમાં સજા અંગે જારી કરવામાં આવતા ધરપકડ વોરંટની બજવણી યોગ્ય પ્રકારે થાય તે સુનિશ્ચિત કરવું અને તેવા ધરપકડ વોરંટની અમલવારી ઉપર દેખરેખ રાખવી પણ જરુરી જણાય છે. કારણ કે, જો દોષિતને સજા અંગેના વોરંટની અમલવારી જ ન થાય તો તેનાથી સમગ્ર ટ્રાયલ અને તેમાંથી ઉપજેલ પરિણામ નિરર્થક બની જાય અને ન્યાયનો હેતુ જ માર્યો જાય.

અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૧ની કલમ–૭૨,૭૩ મુજબ વોરંટની બજવણી પોતાની હકુમતમાં ગમે તે વ્યકિતને સોંપવા સતા રહેલ છે. આ સંજોગોમાં આરોપીને દોષિત ઠરાવેલ હોય, આરોપી વિરુધ્ધ ઈશ્યુ કરવામાં આવતા વોરંટની તાકીદે અને અસરકારક રીતે બજવણી થાય તે માટે લગત પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટશ્રીને સોંપવુ ન્યાયોચિત જણાઈ આવે છે. આમ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે ન્યાયના વિશાળ હીતમાં મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આ કામના આરોપી– પંજવાણી રહીમ હસનઅલીને ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ–૨૫૫(૨) અન્વયે વટાઉ ખત અધિનીયમ,૧૮૮૧ની કલમ–૧૩૮ના ગુન્હામાં દોષિત ઠરાવી ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ–૩૫૭(૩) મુજબ આરોપીનાએ બાકી રહેતી ચેકની રકમ પૈકી આંક–૧૭ મુજબ રૂા. ૨,૩૫,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ પાંત્રિસ હજાર પુરા) ફરીયાદીને વળતર તરીકે ચુકવવા હુકમ કરવામાં આવે છે. જો આરોપી આ વળતર ચુકવવામાં કસુર કરશે તો આરોપીએ એક માસની વધારાની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) કેદની સજાના હુકમની અમલવારી માટે ફોજદારી કાર્યરીતિ સં હિતા,૧૯૭૩ની કલમ–૭૦ (ફોર્મ નં.૨) મુજબ આરોપી વિરુધ્ધ ધરપકડ વોરંટ જારી કરવું.

(૪) ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ-૩૬૩(૧) અન્વયે આરોપીને આ હુકમની નકલ સત્વરે અને વિના મુલ્યે પુરી પાડવા કલમ-૭૦ મુજબના વોરંટની સાથે રાખી મોકલી આપવી અને આ વોરંટની અમલવારી થયેથી તરત જ આરોપીને આ હુકમની નકલ પુરી પાડવી.

આ આખરી હુકમ આજ રોજ અમદાવાદ મુકામે તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(જે.એસ.શાહ)**
**૧૧મા એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન**
**મેજીસ્ટ્રેટ,**
**નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટ**
**નં.૩૧,અમદાવાદ.**